# બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લીમીટેડ,પાલનપુર

**બનાસ/બી.એન.પી.ઈ.ટી/ઘી સહાય/** **તા.૧૯/૦૧/૨૦૧૯**

## પરિપત્ર

આથી,બૃહદ બનાસકાંઠા જિલ્લાની તમામ દૂધ મંડળીઓ/મિલ્ક કલેકશન સેન્ટરોના કાર્યવાહકોને સહર્ષ જણાવવાનું કે, સંઘના પરિપત્ર નં.દૂધ/બનાસ ઘી સહાય/૧૩૨૦,તા.૨૭/૫/૨૦૧૬ ના અનુસંધાને પુનઃ ધ્યાન દોરી સહર્ષ જણાવવાનુ કે, જિલ્લાની દીકરીઓની સંખ્યા દિવસેને દિવસે ઘટતી જોવા મળે છે જે આવનારી પેઢી માટે ખૂબજ ચિંતાનો વિષય છે. આવી માનસિકતાનું મહદઅંશે નિવારણ કરી શકાય તેવા શુભ આશયથી સંઘના માન.ચેરમેન સાહેબશ્રી તથા નિયામક મંડળના સભ્યશ્રીઓએ તા.૨૫/૪/૨૦૧૬ ના રોજની નિયામક મંડળની મિટીંગમાં ચર્ચા વિચારણા કરી ઠરાવ નં.૭ મુજબ **"બેટી બચાવો કુપોષણ હટાવો"** સહાય યોજના અમલમાં છે. આ યોજનાનો લાભ મેળવવા માટે નીચે મુજબની શરતો અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવા જણાવેલ છે તેમ છતાં જિલ્લાની કેટલીક દૂધમંડળીઓના કર્મચારીશ્રીઓ ઘી ટીનના રૂપમાં આપવાનુ હોવા છતાં લુઝ આપીને યોજનાની શરતો અને નિયમોનુ ચુસ્તપણે પાલન કરતા નથી જે ઘણીજ ગંભીર બાબત છે.

**યોજનાની શરતો અને નિયમો :-**

(૧) આ યોજનાનો લાભ પુત્ર/પુત્રીને જન્મ આપનાર દૂધ ઉત્પાદકને મળશે.

(૨) આ યોજનાનો લાભ દૂધ ભરાવનાર માતા/દૂધ ભરાવનાર ગ્રાહકના સીધી લીટીના આશ્રિતને પ્રથમ અને બીજી પ્રસુતિ પ્રસંગે મળશે.

(૩) દૂધ ભરાવનારના ઘરે પુત્રી જન્મે તો ૨(બે) લીટર ઘી(ટીન) અને પુત્ર જન્મે તો ૧(એક) લીટર ઘી(ટીન) દૂધ સંઘ ધ્વારા વિનામૂલ્યે આપવામાં આવશે.જેનો ઉપયોગ માતાના પોષણ અર્થે કરવાનો રહેશે.

(૪) લાભાર્થી દૂધ મંડળીમાં દૂધ ભરાવતા હોવા જોઈએ.ગત હિસાબી વર્ષમાં ઓછામાં ઓછુ ૫૦૦ લીટર દૂધ ભરાવેલ હોવુ જોઈએ અને ચાલુ વર્ષ દરમ્યાન દૂધ ભરાવતા હોવા જોઈએ.

(૫) જો લાભાર્થી ખાનગી માપમાં દૂધ ભરાવતા હશે તો યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

(૬) અરજીફોર્મ સાથે લાભાર્થીએ બાળકના જન્મ અંગેનુ પ્રમાણપત્ર ગ્રામ પંચાયત અથવા નગરપાલિકાનુ રજૂ કરવાનુ રહેશે.

(૭) **આ યોજનાનો લાભ મેળવવા માટે બાળકનો જન્મ થયેથી દિન–૪૦ ની સમય મર્યાદામાં સંઘની ઓફિસે અરજી રજૂ કરવાની રહેશે.**

(૮) દૂધ મંડળીના **મંત્રીશ્રીએ લાભાર્થીની અરજી મળ્યેથી તાત્કાલિક ધોરણે સહાયપાત્ર ઘી ફકત ૧(એક) કિલોના ટીનવાળુ જ ઘી આપવુ અને લૂઝ કે પાઉચના રૂપમાં આપવુ નહિ તેમજ ઘી આપ્યા અંગેની પાવતી મેળવી દૂધ સંઘમાં અરજીફોર્મ સાથે બિડાણ કરવી મોકલી આપવાની રહેશે.**

(૯) આ યોજનાની શરતો અને નિયમોના અર્થઘટનમાં,અમલીકરણમાં વખતો વખત કરવામાં આવતા ફેરફાર બાબતે તેમજ સહાય ચુકવવા અંગે કોઈપણ જાતનો વિવાદ ઉભો થશે તો સંઘના મેનેજિંગ ડીરેકટરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

ઉપરોકત તમામ શરતો અને નિયમોનુ દૂધ મંડળી/મીલ્ક કલે.સેન્ટરોઓએ ચુસ્તપણે અમલ કરી જે લાભાર્થીઓ આ યોજનાનો લાભ લેવા માંગતા હોય તેઓની સામેલ નમુના મુજબની અરજીમાં સંપુર્ણ માહિતી ભરી મંડળી મારફત મોકલી આપવાની રહેશે. આમ છતાં ઉપરોકત બાબતોનુ ઉલ્લંઘન કરી ખોટી અરજીઓ સંઘમાં મોકલ્યાનુ જણાશે તો જે તે અરજીની ચકાસણી માટે થયેલ તમામ વહીવટીય ખર્ચ તેમજ આપેલ સહાયની ૫(પાંચ) ગણી રકમ દૂધમંડળી/મિલ્ક કલે.સેન્ટર પાસેથી વિના નોટીસે કપાત કરી સંઘમાં જમા લેવામાં આવશે. જે બાબતે મંડળીના કાર્યવાહકોની અંગત જવાબદારી રહેશે તેમજ જરૂર જણાય આવી મંડળીની **"બેટી બચાવો કુપોષણ હટાવો"** સહાય યોજના માટેની અરજીઓ સ્વીકારવાનુ મોકૂફ રાખવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

**નોંધ** : જો કોઈ પણ દૂધમંડળી ધ્વારા ઘી આપ્યા વિના સહાયના નાણાંની માંગણી સંઘમાં કરવામાં આવશે તો તેની ગંભીરતા પૂર્વક નોંધ લઈ સંઘના નિતીનિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

**એ.જી.એમ.(ડી.એચ)**

# બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.પાલનપુર

સી.ડી.એસ./સંઘ સહાય/૧૫૩૬ તા.૧૧/૦૬/૨૦૧૮

**પરિપત્ર**

સહર્ષ જિલ્લાની દૂધ મંડળીઓ/મિલ્ક કલેકશન સેન્ટરોને જણાવવાનું કે, દૂધ મંડળીઓના વિકાસ થકી દૂધ ઉત્પાદકોના ઉત્કર્ષ અંગેની અનેકવિધ યોજનાઓ દૂધ સંઘે અમલમાં મુકેલ છે. સદર યોજનાઓનો હજુ સુધી જોઈએ તેટલો દૂધ મંડળીઓ/સભાસદોએ લાભ મેળવેલ નથી તો જે સભાસદો અને દૂધ મંડળીઓ લાભથી વંચીત રહી ગયેલ છે તેમના માટે સંઘની તમામ સહાય યોજનાઓની **મુદત તા.૩૧/૦૫/૨૦૨૩** સુધી લંબાવવાનું સંઘના નિયામક મંડળની તા.૧૬/૫/૨૦૧૮ ની મિટીંગમાં નિર્ણય લીધેલ છે. તમામ યોજનાઓ અંગે સંઘે અગાઉ કરેલ પરિપત્રો, શરતો અને નિયમોના આધારે ચાલુ રાખવામાં આવેલ છે.

(૧) ઈલેકટ્રીક ચાફકટર સહાય યોજના
(૨) પાકી ગમાણ સહાય યોજના
(૩) લોખંડની પાઈપોવાળી ગમાણ સહાય યોજના
(૪) એ.આઈ.ટ્રેવીસ(ઘોડી)સહાય યોજના
(૫) દૂધઘર સહાય યોજના
(૬) દૂધઘર લોન/એડવાન્સ યોજના
(૭) મિલ્કીંગ મશીન સહાય યોજના
(૮) એનીમલ કુલીંગ સહાય યોજના
(૯) દૂધ મંડળી/સભાસદ માટે ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર સહાય યોજના
(૧૦) શૌચાલય સહાય યોજના
(૧૧) વિધવા બહેનોના બાળકોને શિક્ષણ સહાય યોજના
(૧૨) બેટી બચાવો અને કુપોષણ હટાવો અંતર્ગત ઘી સહાય યોજના.

તો ઉપરોકત યોજનાઓને **તા.૩૧/૦૫/૨૦૨૩** સુધી લંબાવેલ હોઈ દૂધ મંડળીઓ અને તેના સભાસદો વધુમાં વધુ લાભ મેળવે તે માટે બહોળી પ્રસિધ્ધિ કરી સંઘે નિયત કરેલ નમુનામાં સહાય યોજનાઓની અરજીઓ મોકલી આપવાનું રાખવું.

**ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર**

**નકલ સવિનય રવાના :-**

માનનીયશ્રી ચેરમેન સાહેબ તથા બોર્ડ ડીરેકટરશ્રીઓ તરફ.....જાણ સારૂ.

**નકલ રવાના :-**

(૧) જિલ્લાની તમામ દૂધ મંડળીઓ તરફ.....
(૨) તમામ ક્ષેત્રગામી કર્મચારીશ્રીઓ/સી.ડી.એસ.સ્ટાફ તરફ.....
(૩) તમામ વિભાગીય અધિકારીશ્રીઓ/ઝોનલ અધિકારીશ્રીઓ/ઝોનલ અધિકારીશ્રીઓ(સી.ડી.એસ.)તરફ.....
(૪) ફાઈલે.

**સંઘ દ્વારા આપવામાં આવતી દૂધ ઉત્પાદક પરિવાર માટે સહાય મેળવવા માટેનું અરજીપત્રક**

તારીખ :...../...../૨૦.....

**પ્રતિશ્રી**
**મેનેજીંગ ડિરેક્ટર સાહેબ,**
**બનાસડેરી, પાલનપુર.**

**વિષય : સંઘની સહાય મેળવવા બાબત.**

| ક્રમ | સહાયનું નામ | જે સહાય મેળવવા માંગતા હોય તેની સામે √ ની નિશાની કરવી. |
|---|---|---|
| ૧ | બેટી બચાવો કુપોષણ હટાવો સહાય યોજના | |
| ૨ | બનાસ શિક્ષા સહાય યોજના | |

મે. સાહેબ,

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, **"સંઘની સહાય યોજના"** નો લાભ લેવા માટે અમો અરજી કરીએ છીએ. અમોએ સંઘના જે તે સહાય માટેનો પરિપત્ર વાંચેલ છે જેમાં જણાવેલ શરતો અને નિયમો મને બંધનકર્તા છે. સંઘ તરફથી મળતી સહાયની કુલ કિંમતમાંથી સહાયની રકમ બાદ ગણી બાકીની રકમ અમારી દૂધમંડળીમાં ભરપાઈ કરવા હું બાંહેધરી આપુ છું તથા નિયમ મુજબ મળતી સહાયની રકમ અમારી દૂધ મંડળી મારફત/બેંક ખાતામાં મને ચુકવી આપવા વિનંતી છે. યોજનાની શરતો અને નિયમોનું ભવિષ્યમાં કોઈ જ ઉલ્લંઘન થયેલ જણાય તો મને મળેલ સહાયની રકમ અમારી દૂધ મંડળીમાં ભરપાઈ કરવા આથી હું બાંહેધરી આપું છું.

**અરજદારની વિગત :**

(૧) મંડળી નું નામ :................................................ કોડ નંબર : .......... તાલુકો : ..............

(૨) અરજદારનું નામ :.......................................................................................................

(૩) લાભાર્થી સંતાનો/આશ્રીતોની અભ્યાસની વિગત.

| ક્રમ | નામ | ધોરણ–કોલેજ | અભ્યાસનુ વર્ષ | ઉંમર |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |

(૪) દૈનિક દૂધ (લીટરમાં) : ........................... (દૂધની દૈનિક સવાર–સાંજની પાવતી જોડવી)

(૫) ગત વર્ષનું કુલ દૂધ(લીટરમાં) :......................... (વાર્ષિક દૂધની પાવતી જોડવી)

(૬) અરજદારના બેંક ખાતાની વિગત(બેંક પાસબુક/કેન્સલ ચેકની ઝેરોક્ષ નકલ જોડવી) :–

| | | | |
|---|---|---|---|
| બેંકનુ નામ | | બેંકની શાખા | |
| બેંકનો ખાતા નંબર | | બેંકનો IFSC કોડ | |

**અરજદારની સહી ....................................**
નામ :.......................................................
સરનામું :...................................................
મોબાઈલ નં. :..............................................

## દૂધ મંડળીની ભલામણ

અમારી મંડળીના સભાસદ/દૂધ ગ્રાહકશ્રી............................................................................ પાસે હાલમાં ......... દૂધાળા પશુઓ છે અને બનાસડેરીની ......................................સહાય યોજના હેઠળ અમારી મંડળીના કાયમી અને નિયમિત દૂધ ભરાવે છે માટે સહાય મેળવવા માગણી કરેલ છે જે તેઓશ્રીને ફાળવી આપવા ભલામણ છે. સહાયની સિવાયની રકમ અમારી દૂધમંડળીના દૂધબીલેથી કપાત કરવા અથવા સહાયની રકમ ગ્રાહકના બેંક ખાતામાં જમા કરવાની સત્તા સંઘને આપવામાં આવે છે. યોજનાની શરતો અને નિયમો પાળવા તેઓ સંમત છે. યોજનાની શરતો અને નિયમોનું ભવિષ્યમાં કોઈ જ ઉલ્લંઘન થયેલ જણાય તો તેઓને ચુકવેલ સહાયની રકમ અમારી દૂધમંડળીના દૂધબીલેથી કપાત કરવાની સત્તા બનાસડેરીને આપવામાં આવે છે જે બાબતે અમારો કોઈ વાંધો/વિરોધ/તકરાર રહેશે નહિ.

મંડળીનો
ગોળ સિકકો

**ચેરમેન** **મંત્રી**

ધી ......................... દૂધ ઉત્પા. સહ. મં.લી.

મુ.................... તાલુકો.................

કોડ નંબર..............રૂટ નંબર............

મોબાઈલ નં.....................................

---

**બનાસડેરીના લગત અધિકારીએ ભરવાની વિગત :–**

ઉપરોકત અરજી કરનાર અરજદારશ્રીના ફાર્મ–સ્થળ ઊપર તપાસણી /ચકાસણી કરતાં ઉકત અરજદારશ્રી સંઘ સહાયની યોજનાની શરતો અને નિયમો તળે આપવાપાત્ર થાય છે/નથી તો તેમને આ યોજનાનો લાભ આપવા ભલામણ છે / નથી. અરજદારશ્રી સહાય મેળવવાને પાત્ર હોઈ તો ................................... સહાય ચુકવી આપવા ભલામણ છે / નથી.

**લગત અધિકારીની સહી....................................**

**નામ :..............................................................**

**મંજુર/નામંજુર**

**હોદ્દો :..............................**

**વિભાગ :.........................**

**તા :......./......./૨૦......**